Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

5 જુલાઈ, 2021 / 7433

પ્રતિ,

**શ્રી એમ. થેન્નારસન, IAS**
વાઇસ ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ગાંધીનગર

**વિષય : જી.પી.પી. એક્ટ હેઠળની નોટિસો અને ખુલ્લા પ્લોટોને ઉપયોગમાં લેવા માટે મંજૂરી આપવા બાબતે**

માનનીયશ્રી,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

આપશ્રીને વિદિત છે તે મુજબ જી.પી.પી એક્ટ હેઠળ ખુલ્લા પ્લોટોને નોટિસો આપવામાં આવેલ છે. અને તે ખુલ્લા પ્લોટને ઉત્પાદન પ્રક્રિયામાં લાવવા માટે અમારા અમુક સૂચન છે જે નીચે મુજબ છે. જો GIDC દ્વારા તેનું અમલ કરવામાં આવે તો ખુલ્લા પ્લોટ ઉત્પાદન માં આવી શકે છે.

1. જી.પી.પી એક્ટ હેઠળ ખુલ્લા પ્લોટોની નોટિસો સ્થગિત કરવી.
2. આ યોજનામાં તમામ ઓપન પ્લોટ ડિસેમ્બર 2022 પછી કોઈ પણ પ્રકારનું ટ્રાન્સફર બંધ કરવામાં આવશે.
3. જે ઉદ્યોગકારને ઉત્પાદન ચાલુ કરવું હોય અને તેમનો મોરેટોરિયમ પિરિયડ પૂર્ણ થયેલ હોય તેમને ડિસેમ્બર 2022 સુધી એક્સટેંશન મળશે.
4. પ્લાન પાસ/ વોટર કનેક્શન તરત જ આપવામાં આવશે.

ઉપરોક્ત સૂચનો મુજબ એક ગાઇડલાઇન જાહેર કરવામાં આવે તો ગુજરાતભરના લગભગ 2500 જેટલા ઉદ્યોગકારોને જી.પી.પી એક્ટ હેઠળ નોટિસો આપવામાં આવે છે તેમને ઉત્પાદન ચાલુ કરવા તક મળશે અને MSMEs ને સરકારશ્રી તરફથી સહાય મળશે જેથી કરીને ભવિષ્યમાં કોઈ પ્લોટોને વણવપરાયેલ મૂકી રાખશે નહી.

આપશ્રી અમારી દરખાસ્ત ને ધ્યાને રાખીને ઘટતું કરશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ